ક્રિમીનલ કેસ નં.૫૬૦૧/૨૦૨૨

દાખલ તારીખ :-૧૨/૧૦/૨૦૨૨

રજીસ્ટર તારીખ:-૧૨/૧૦/૨૦૧૨૨

ફેસલ તારીખ :-૧૨/૧૧/૨૦૨૨

સચમગાળો :- વર્ષ : માસ : દિવસ

મે.પોરબંદર બીજા એડી.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,

મું.પોરબંદર.

ફરીયાદી – શ્રી સરકાર આંક-૦૫

વિરુધ્ધ.....

આરોપી – શાંતીબેન વા/ઓ રાણાભાઈ સામતભાઈ જમોડ,
ઉ.વ.૪૫,
રહે. મિયાણી ગામ કોળીવાડ,
તા.જી. પોરબંદર

ગુન્હો :- ઈ.પી.કો. કલમ-૧૮૬ મુજબ.

**-// ઠરાવ //-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી બહેનના ઘર પાસે આ કામના ફરીયાદી તથા સાહેદો વર્ધી આધારે જતા અને આરોપી બહેનને પો.સ્ટે. આવવાનુ કહેતા ફરીયાદી રાજય સેવક છે તેવુ જાણતા છતા ફરીયાદી સાથે અસભ્ય વર્તન કરી ફરીયાદીને ધકકો મારી કાયદેસરની ચાલુ ફરજમા રૂકાવટ કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ આપતાં ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુધ્ધ આઈ.પી.સી.ની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈશ્યુ કરાતાં આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરસીસ આંક-૦૪ થી રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે તેમજ આરોપી સામે ઉપરોકત ગુન્હા સબબ આંક-૦૩ થી પ્લી નોંધવામાં આવેલ છે જે પ્લીમાં તેમની સામેના ગુનાનું

તહોમતનામું વાંચી,સંભળાવી, સમજાવવામાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

(૨) આરોપી તેની કબુલાત પુરસીસ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુટુંબના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચવાળા છીએ. અમારા કુટુંબની જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો પર દયા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૩) હાથ ઉપરના કેસમાં આરોપીને કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માંગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતું નથી. તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી સામે હાલનો પ્રથમ ગૂન્હો હોવાનું જણાવેલ છે. આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળેલ અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ મુજબ થી ઈ.પી.કો. કલમ-૧૮૬ મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું આદેશ આજરોજ તારીખ:-૧૨ મી, માહે :- નવેમ્બર, સને :- ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ:-૧૨.૧૧.૨૦૨૨<br>સ્થળ :-પોરબંદર<br>વી.જે.વ્યાસ,<br>ગુજ.સ્ટેનો. | ( મુકેશ વિનોદરાય પંડયા )<br>બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,પોરબંદર.<br>કોડ નંબર ( GJ 01253) |